સાલ : ૧૪ / સિલસિલાવાર નંબર : ૧૩૫ / શુમારો : ૩ — કુલ પાના - ૧૬

# مشكوة الهادي

MISHKAAT UL HAADI

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા. — જુમાદિલ ઉલા - જુમાદિલ ઉખરા ૧૪૩૮ / ફેબ્રુઆરી - માર્ચ ૨૦૧૭

## મૌ.લૂત નબી અને આપની કૌમની બિદઅત

કુરઆને કરીમની સૂરતો હૂદમાં અલ્લાહતઆલા મૌ. લૂત નબી વાસ્તે ફરમાવે છે કે, મૌ. લૂત બિન હારાન (અ.સ.) મૌ. ઈબ્રાહીમ ખલીલુલ્લાહ (અ.સ.) ના ભત્રીજા હતા, આપના હુજ્જત હતા, આપના કરીબ હતા બલકે આપના મુઅલ્લિમે અવ્વલ હતા. મૌ. ઈબ્રાહીમે આપનાથી ઈબ્તેદાઈ તાઅલીમો તરબીયત હાસિલ કીધી હતી. મૌ. લૂતને મોટામાં મોટો અફસોસ અને ગમ એ હતો કે, આપની નઝરને સામે આપની કૌમ બદકારી, હરામકારી, ફહ્હાશી પર ઉતરી ગઈ. મરદો, મરદો સાથે અને બૈરો, બૈરો સાથે હરામકારી કરવા લાગા. શરીઅતથી ખિલાફ ગૈર-જાઈઝ જિન્સી અને જિસ્માની તઅલ્લુકાત બાંધવા લાગા. **“લવાતત” નો ફહેશ, બેશરમી અને શયતાની રસ્તો ઈખ્તિયાર કીધો.** મરદ-બૈરોની ઈઝદેવાજી ઝિંદગી અને પાકીઝા રિશ્તાઓને ભુલી ગયા. આપે આપની કૌમને આ બદ-અમલ ના કરવા વાસ્તે ખૂબ સમઝાવા મગર આપની હર હિદાયતને, આપની હર તન્બીહને ઠુકરાવી દીધી. આખિરકાર અઝાબે શદીદની નૌબત આવી.

અલ્લાહતઆલાએ મૌ. જિબ્રઈલ, મૌ. મીકાઈલ અને મૌ. ઈસ્રાફીલને અઝાબની તૈયારી અને કૌમે લૂતની બરબાદી વાસ્તે મોકલા. આ ત્રણે ફરિશ્તાઓએ પહેલા મૌ. ઈબ્રાહીમ ખલીલુલ્લાહની મુલાકાત લીધી અને તે બાદ મૌ. લૂતની તરફ રવાના થયા. મૌ. ઈબ્રાહીમ નબીની મહેમાન-નવાઝીની એ કૈફીયત હતી કે, આપના ઘર પર હર વક્ત મહેમાનોં આવતા રહેતા અને આપ મહેમાન બગૈર હરગિઝ જમતા નહીં, તેના સબબ આપનો લકબ અબુઝ્ઝોયૂફ છે, યાઅની મહેમાનોંના બાવાજી કે જે ઘરમાં આવનાર હર શખ્સની બરાબર ખાતિર-તવાઝોઅ કરે. જે વક્ત આપના ઘર પર મહેમાનોં ઝિયાદહ હોય તો આપ દુંબો કે વાછરડું ઝબેહ કરે અને તેનો ભૂનેલો ગોશ્ત મહેમાનોંની ખિદમતમાં પૈશ કરે. આ જ આદત મુજબ આપે ફરિશ્તાઓની ખિદમતમાં ભૂનેલો ગોશ્ત પૈશ કીધો. **આપ ફરિશ્તાઓને આમ ઈન્સાન સમઝ્યા અને ઉમ્મીદ કીધી કે, તેઓ ગોશ્ત જમી જાશે.** પણ ફરિશ્તાઓએ કોઈ પણ ચીઝ ઝબાન પર લીધી નહીં, જમનને તનાવુલ કીધું નહીં.

મૌ. ઈબ્રાહીમ નબીને શક થયો કે, આ સાહેબોં કોન હશે? તેઓ જમન કેમ જમતા નથી? આ તરહના મહેમાનોં તો પહેલા કોઈ વક્ત આવા નથી. જે વક્ત આપે તેઓને સવાલોં કીધા તો બિલ આખિર તેઓએ પોતાની અસલી હકીકત આપને કહી સંભલાવી. એમ પણ બયાન આવેલું છે કે, ફરિશ્તાઓ બોલા કે, હમેં હરગિઝ નહીં જમીએ યહાઁ તક કે તમેં બતાવો કે જમનની કીમત શું છે? આપે ફરમાવું કે, જમનની અસલી કીમત અને તેની ઈઝ્ઝત તો તે વક્ત થાય કે, તમેં જમનને શુરૂ કરતા પહેલા “બિસ્મિલ્લાહ” પઢો અને ખતમ કરો તો “અલ-હમ્દો લિલ્લાહ” પઢો. આ અમલથી અલ્લાહતઆલા જમનના હર એક દાના પર બરકત બોલે છે કે, જેની કોઈ કીમત થઈ ન શકે. **આ જમન પછી જમન નથી રહેતું પણ શિફા બની જાય છે.** તે વક્ત મૌ. જિબ્રઈલ બોલા કે, “દર હકીકત! અય ઈબ્રાહીમ! તમેં ખલીલુલ્લાહ છો. **અલ્લાહતઆલાના દોસ્ત અને હમરાઝ.**”

આ વાકેઓ બનો તે વક્ત મૌ. ઈબ્રાહીમ નબીના બૈરો મૌ. સાર્રહ પણ હાઝિર હતા. આપના સાથે ફરિશ્તાઓની આ ગુફ્તગૂ સાંભલીને હંસી પડા. બૈરોનું હઁસવું અને મૂઁહ માંથી આવાઝ નિકલવો તે તાવીલી માઅનામાં હૈઝદાર હોવું છે. જે મુજબ બૈરો વાસ્તે હૈઝનો અમર ખૂબ મખ્ફી અને ઝાતી હોય છે તે જ મુજબ બૈરોને લાઝિમ છે કે, તે ઝોરથી ઝાહિરમાં

(બકીયાહ પેજ નં. ૨ પર)

**ફક્ત ઈલ્મ કામ નહીં લાગે મગર સાથે અમલ જોઈશે.**

(પેજ નં. ૧ નું બાકી)

બીજાને આવાઝ સંભલાય એમ ન હઁસે. **ઝોરથી ઘરમાં યા સરે આમ હઁસવું તે એક સંજીદહ બાઅદબ બૈરોને ઝૈબ ન આપે.** મૌ. સાર્રહના હઁસવા પર ફરિશ્તાઓએ એમને મૌ. ઈસ્હાક ની વિલાદત અને પછી મૌ. ઈસ્હાકના ફરઝંદ મૌ. યાઅકૂબ આ દુનિયામાં આવશે તેની ખુશખબરી સંભલાવી. ઓલાદ થવાની આ બિશારત સાંભલીને મૌ. સાર્રહએ હમ્દે ખુદાના કલામ કહ્યા.

મૌ. ઈબ્રાહીમે ફરિશ્તાઓને સવાલ કીધો કે, અય લોગો! જે અમરે ખુદાને મૌ. લૂત વાસ્તે લાવા છો, તો શું જે ગામમાં મૌ. લૂત અને એમના મુમેનીન હશે અને જો એની તાઅદાદ ફક્ત ૧૦૦ મુમેનીનની હશે તો પણ પૂરા ગામને તમેં હલાક કરી દેશો? ફરિશ્તાઓ બોલા કે, નહીં. મૌ. ઈબ્રાહીમ બોલા કે, ૫૦ મુમેનીન હશે તો? તેઓ બોલા નહીં. પાછું પૂછું, ૩૦ હશે તો? બોલા, નહીં. ૨૦ હશે તો? બોલા, નહીં. ૧૦ હશે તો? બોલા નહીં.

હકીકતમાં મૌ. લૂત નબી સાથે તે ગામમાં ૧૪ મુમેનીન જ હતા. આ મુમેનીન ભાઈઓ આપને હર તરહની યારી દેતા, મદદ કરતા, દાઅવતના હર અમરને ઉઠાવતા અને દુશ્મનો તરફથી કરવામાં આવતી ઈઝાને પણ સહેન કરતા. તેથી, મૌ. ઈબ્રાહીમ સમઝી ગયા કે, ફરિશ્તાઓ મુમેનીનને કાફિરોંના સાથે હલાક નહીં કરે. ફરિશ્તાઓ બોલા કે, "અય ઈબ્રાહીમ, તમેં મૌ. લૂતની ઝરા પણ ફિકર ન કરો. અગર ગામમાં મૌ. લૂત સાથે ફક્ત પાઁચ નમાઝી મુમેનીન બાકી હશે તો પણ હમેં તેઓને બચાવી લઈશું. **અરે! એક પણ હશે તો બચાવી લઈશું!**"

તે બાદ ફરિશ્તાઓ મૌ. લૂતના ગામમાં ગયા અને આપના ઘરમાં ઉતરા. કૌમના બદકાર મરદોએ જોયું કે, કોઈ ખુબસૂરત જવાનોં મૌ. લૂતના ઘર પર આવા છે. તો તે તમામ બદકારોં મૌ. લૂતના ઘર પર ચઢી આવા અને ગમે તેવું બકવા લાગા, બદકલામી કરવા લાગા. બોલા કે, આ જવાનોંને હમને સોંપી દો. મૌ. લૂતે ફરમાવું કે, "અય બદબખ્તોં! આ તો મારા મહેમાનોં છે. મહેમાનોં ખુદા તરફથી આવનાર રસૂલોં હોય છે. તેઓની દોઆ લો પણ આ તરહ મને શરમિંદા ન કરો, મારી ફઝેહતી ન કરો. ભલા! શું તમારી અક્લ પર પડદા પડી ગયા છે. તમારામાં કોઈ પણ એક એવો મરદ નથી જે સમઝદાર હોય, ખૌફે ખુદા રાખનાર હોય. અય મારી કૌમ! તમારા પાસે હજી વક્ત છે. ભલાઈ અને નૈકોકારી તરફ વલી જાવ. મારી દીકરીઓ, દીકરાઓ વાસ્તે બહેતર છે અને મારા દીકરાઓ, દીકરીઓ વાસ્તે બહેતર છે. યહાઁ પર મારી દીકરીઓ અને મારા દીકરાઓથી માઅના કૌમના દીકરી-દીકરાની છે. **તે એમ કે મરદ-બૈરો કુદરતના કાનૂનને મુજબ નિકાહ કરીને પોતાનો સંસાર રચે અને કૌમની ઈઝ્ઝતને સાચવે.**"

બદકાર શખ્સો આપના આ કલામ પર હંસવા લાગા, મસ્ખરી કરવા લાગા અને કહેવા લાગા કે, "આ તો તમેં પુરાની વાતોં કરો છો, હમને ડરાવો છો, હમને તમારી કોઈ નસીહત કામ નહીં લાગે. દીકરીઓ સાથે હમને કોઈ વાસ્તો નથી. હમને હમારા અમલથી કોઈ પસ્તાવો નથી." આપે ફરમાવું કે, કાશ મને મારો રબ કૂવત બખ્શે કે, આ લોગોને મારી નઝરથી દૂર કરૂં, તેમની બદબખ્તીથી હું આઝાદ થાઉં. યા મારો રબ મને કોઈ એવી મહેફૂઝ જગા આપે યા રૂકને શદીદ-સખ્ત પહાડ તરફ મને લઈ જાય કે તેથી હું આસરો લઉં. મૌ. જિબ્રઈલ આપની આ ફરિયાદ સાંભલીને ગમગીન થયા અને કહેવા લાગા કે, "આપ જે રૂકને શદીદની ઈલ્તેજા કરો છો, તે હમેં આપની ખિદમતમાં હાઝિર છીએ. આ જગા તેની અસલી હાલતમાં નહીં રહે પણ અઝાબની ગિરફતથી તબાહ થાવાની તૈયારીમાં છે. **કોઈ આ અઝાબથી બચી નહીં શકે.**"

"હમેં આપને હિદાયત દઈએ છીએ કે, આપ આપના મુમેનીન સાથે રાતો રાત યહાઁથી નિકલી જાવ. આ ઝમીન અને ગામથી દૂર ચાલા જાવ. યહાઁથી જાશો તો ફલાઁ-ફલાઁ જગા આપને દેખાશે તો તે જગા પર આપ સઘલા ઠહેરી જાજો. હવે અન-કરીબ ફજર થાનાર છે. **ખુદાતઆલાના હુકમથી હમેં અઝાબ લઈને આવીશું.**" મૌ. લૂતે અરઝ કીધી કે, મને લાગે છે કે ફજર થાવા તક અઝાબ આવે એ પણ તાખીર કહેવાય. આ કૌમ એટલી મોહલતને પણ કાબિલ નથી. મૌ. જિબ્રઈલ બોલા કે, "જે વાત ખુદાને રોશન હોય તે બંદો જાણી શક્તો નથી. એનો હુકમ તમામ પર ભારી છે. તમેં સબર કરો. ફજર ખૂબ કરીબ છે."

(બકીયાહ પેજ નં. ૬ પર)

**ફક્ત કલામ કામ નહીં લાગે મગર સાથે વાઅદા-વફાઈ જોઈશે.**

## મુલાહેઝહ : મિશ્કાતુલ હાદીનું લવાઝમ

હુઝૂરે આલી સૈયેદના સાહેબ (ત.ઉ.શ.) ની બાબરકત દોઆઓના સબબ આપના અઝીઝ અખ્બારનું **૧૪મું સાલ** ચાલી રહ્યું છે. મુમેનીન-મુમેનાત હર તબકાના લોગો બચ્ચાં-જવાનો-બુઝુર્ગો આ ઈલ્મી પાકીઝા નહેરના પાનીથી હર તરહનો ફાયદો લઈ પોતાની તિશ્નગી બુઝાવી રહ્યા છે.

આ અખ્બારના સાલાના લવાઝમ, **હવે દાઅવતે શરીફહની શહરૂલ્લાહની વાજેબાત અને હુકૂકના સાથે મુમેનીનને દેવડી મુબારક પર જ અદા કરવાનું રહેશે.** પાછલા સાલો મુજબ લવાઝમનો **રૂા. ૧૦૦/- હદીયો** તેયશુદા છે. **મુમેનીનને મુલાહેઝા થાય કે, શહરૂલ્લાહ યા બીજા કોઇ વક્ત પર દેવડી મુબારક પર વાજેબાતને અદા કરવા આવે તો મિશ્કાતુલ હાદી નું લવાઝમ સાથે અદા કરી લે.** દાઈએ હક્કની તાઈદાતથી અને મુમેનીનના તઆવુનથી અલ્લાહતઆલા આ કારવાને મિશ્કાતુલ હાદી જારી-સારી રાખે અને તેના ઈલ્મી-અમલી ફૈઝથી મુમેનીનની રાહ હમ્વાર થાય. આમીન. ✫

## ગુલ્શને ફિક્હ : શરીઅતનું હલાલ-હરામ

### ઈમામત કિસ્ત-૧૫

મૌ. ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) ફરમાવે છે કે, **"ઈન્ના લિલ્લાહિલ બદઆ વલ મશીયતા ફી કુલ્લે શયઈન ઈલ્લા ફિલ ઈમામહ"**, યાઅની કે અલ્લાહતઆલા વાસ્તે હર ચીઝમાં તબદીલ કરવાની મશીયત છે, હિકમત છે, ચાલ છે યા ભારી મકસદો છે, મગર ઈમામતમાં નહીં. મતલબ કે, કેયામત તક ઈમામત, ઈમામ પછી તેના ફરઝંદમાં અને ફરઝંદના ફરઝંદમાં જારી થાયા જ કરશે. પણ નવાસએ રસૂલ, જિગર ગોશએ બતૂલ ઈમામ હસન (અ.સ.) અને ઈમામ હુસૈન (અ.સ.) ના બાદ યૌમે કેયામત તક કોઈ બે ભાઈઓમાં ઈમામત તકસીમ નહીં થાય. જે મુજબ આ જહાનની બકાને વાસ્તે સૂરજ, ચાંદ અને પાનીનું હોવું ઝરૂરી છે, તેમ મુમેનીનની ઈમાનની ઝમીનને દીને હક્કથી હરીભરી રાખવા ઝમાનામાં હર વક્ત ઈમામે હક્ક, નાઈબે ઈમામ અને આપના ઈલ્મનું હોવું બેહદ ઝરૂરી છે. કુદરતના મીઝાનના સબબ અલ્લાહતઆલાએ બૈરોને હૈઝની ઈઝાના સબબ નાકિસુલ ઈમાન બનાવેલા છે યાઅની નબી, વસી, ઈમામ યા દાઈ બૈરો માંથી ન હોવા જોઈએ. આ તમામ સાહેબો ઈમાનમાં કામિલ હોવા જોઈએ એટલે તેઓ મરદો માંથી જ હોય જે ઈમાનના હુકૂકને બરાબર અદા કરી શકે.

જેમ બયાન આવલું છે કે, તયમ્મુમ કીધેલો શખ્સ વુઝૂ કીધેલાને નમાઝ ન પઢાવે, મુસાફિર મુકીમ શખ્સને નમાઝ ન પઢાવે, તેમ બૈરો મરદોને નમાઝ ન પઢાવી શકે. મરદોને બૈરો પર હર લેહાઝથી ફૌકીયત આપવામાં આવી છે. **બૈરો વાસ્તે આઅલામાં આઅલા મકામ તેનું ઘર છે અને તેની ઝીનતો ઝૈવર, તેની શરમો હયા અને પડદો છે.** જો બૈરો આ ઈહાતામાં, આ દાએરામાં અને આ હદમાં રહે તો અલ્લાહતઆલા તેની પાકદામની, પાકીઝગી અને પડદગી સાચવે, મહેફૂઝ રાખે. લેહાઝા બૈરો વાસ્તે મખ્સૂસ, ઈસ્લામના અરકાન માંથી નમાઝ, હજ્જ અને જેહાદના સિલસિલામાં એહકામ અને હુદૂદ આવેલા છે. ઝાહિરમાં જે ચીઝો મરદો કરી શકે તેની બૈરો વાસ્તે રોકથામ આવેલી છે. એવી ઘરેલુ બાબતો અને ઝિમ્મેદારીઓ જે મરદોથી રોઝી તલબ કરવાના કામકાજના સબબ ન થાય તો તે વાસ્તે બૈરોને ઈરશાદ કરવામાં આવો છે અને તેના એવઝમાં ગુનાગુન સવાબ બતાવવામાં આવો છે.


રિવાયતમાં છે કે, બૈરો મરદોને ઈમામતની નમાઝ ન પઢાવે પણ બૈરો બૈરોને ઈમામત કરાવી શકે છે અને તે ઈમામત કરાવનાર બૈરો બીજા બૈરાઓથી આગલ ન ચઢે પણ સઘલાના વચમાં ઊભા રહીને નમાઝ પઢાવે. તે બૈરો સાથે ઈમામતમાં જોડાવનાર તમામ બૈરો નમાઝ પઢે. નમાઝની પઢાઈ ઝોરથી ન કરે પણ એટલી કે હાઝેરીનના કાન તક તકબીરની આવાઝ પહોંચે. ✫

**ખૈર બંદો તે છે કે જે બીજા બંદાની કદરને જાણે.**

**ફક્ત નઝર કામ નહીં લાગે મગર સાથે બસીરત જોઈશે.**

## લફ્ઝી કશ-મ-કશ

**❋ ઉભી તરકીબ :**





૧) ઝાહિરી ઈલ્મના પાની દરિયા જેમ _______ હોય છે. (૨)
૨) આકિલને ફક્ત એક _______ કાફી હોય છે. (૩)
૩) હાતિમતાઈ, નફ્ફતાઈ, _______ તાઈ. (૩)
૭) અલમનાક, વહેશતનાક, _______ નાક. (૨)

**❋ આડી તરકીબ :**

૨) આકા મૌલા (ત.ઉ.શ.) એ મોહર્રમુલ હરામ મહીનામાં _______ મુલ્કનો સફર ઈખ્તિયાર કીધો હતો. (૩)
૪) કરબલામાં બેગૌરો કફન શોહદાના _______ ઝમીન પર પડેલા હતા. (૨)
૫) મૌ. અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ની મહબ્બતના સબબ ઈબાદતમાં _______ છે. (૨)
૬) તેલ, ઘી. (૩)

**❋ ગયા શુમારાના લફ્ઝી કશ-મ-કશનો ખુલાસો :-**




**નોંધ :** કારેઈનને ઈલ્તેમાસ છે કે, લફ્ઝી કશ-મ-કશ ના જવાબો લખી હમારા એડ્રેસ પર શાઅબાનુલ કરીમ મહીનાની ૧૦ તારીખ પહેલા પોતાના મોબાઈલ નંબર સાથે મોકલી આપે. સહી જવાબ આપનાર મુમેનીનના નામો આવતા શુમારામાં ઝાહિર કરવામાં આવશે.

## હિસાબ

કોઈ હોશિયાર વેપારી હોય તો તે હિસાબ-કિતાબમાં ચોકન્નો હોય છે અને તેમાં કોઈ પણ તરહની ગડબડ ન થાય તે વાસ્તે ઝાતી તકેદારી રાખે છે. તે એવા જ શખ્સને પોતાની આવક-જાવકના રાઝ, મૂંડી રોકાણ અને વેપારના તઅલ્લુકાત જણાવે છે જેના ઉપર તેનો ગહેરો એતેમાદ અને પૂરો ભરોસો હોય. ખુદાતઆલા કુરઆને કરીમમાં ફરમાવે છે કે, **"વકફા બિલ્લાહે હસીબા"**, યાઅની ખાલિકે અકબર, જે અલ્લાહના હાથમાં કાએનાતના ઝાહિર-બાતિનનો હિસાબ છે, તે કાફી હિસાબ કરનાર છે તેના બંદાના હરએક લમ્હાનો કે જે તે આ ઝમીનની પીઠ પર ગુઝારે છે.

હશરના મૈદાનમાં કોઈ એક પણ પોતાના આઅમાલના હિસાબથી ખાલી નહીં રહે. દુનિયામાં જે કીધું હશે તે હશરમાં જોશે. ખુદાતઆલા તરફથી હિસાબ કરનાર એવા ફરિશ્તા મુકર્રર છે જેની કલમ કોઈ પણ વક્ત રાત હોય કે દિન હોય રૂકતી નથી. જે વક્ત કોઈ બંદો ખુદાતઆલાએ મુકર્રર કીધેલા ઈમામ, ઈમામુઝ્ઝમાન (અ.સ.) ના મીસાકના દાએરામાં દાખિલ થાય છે તો હિસાબ કરનાર ફરિશ્તાની કૈફીયત જુદી થઈ જાય છે. ઈમામે હક્કના ઈમાનના સબબ તેનો ઈઝ્ઝતો ફઝલ ફરિશ્તાની નઝરમાં ઔજ પર પહોંચી જાય છે. ખુદ ઈમામે હક્ક તે મુમિન બંદાના આઅમાલના શાહિદ હોય છે અને તેની શફાઅત કરનાર હોય છે જે વક્ત કે ઈન્તેકાલના બાદ તે આઅમાલ લઈને ઈમામે હક્ક તરફ ચઢે છે. મુમિન વાસ્તે તો તેના ઈમામ જ હિસાબ કરનાર છે, કેમકે ઈમામ બંદાના ઝાહિર-બાતિનને પણ જાણે છે અને ઈમામે જ તેનો મીસાક લીધો હોય છે અને બંદાએ મીસાક પાલવાનું વચન આપું હોય છે. તો સાબિત થાય છે કે, **જેને વચન આપવામાં આવે તે હિસાબ વાસ્તે પહેલો હક્ક રાખે છે અને જો તેમાં કોઈ ખામી થાય તો હિસાબ કરનાર જ તેને દરગુઝર કરી શકે છે.**

ઈન્સાનની પૈદાઈશ જ એવી છે કે, તેને કોઈની તબાઅત-પૈરવી કરવી ભારી લાગે છે. કોઈના કહ્યા મુજબ ચાલવું તેને ફાવતું નથી. પણ કુરઆને કરીમ તો એમ ફરમાવે છે કે, અહલુલ બૈત (આલે મોહંમદ (સ.અ.)) ની પાકીઝગી અને પૈરવી તમને (બકીયાહ પેજ નં. ૧૫ પર)

**ફક્ત ખિદમત કામ નહીં લાગે મગર સાથે ખુલૂસ જોઈશે.**

# તસ્હીલે નિસ્બત – નિસ્બતને સહેલ કરવાની કોશિશ

નિસ્બત કરવી યા માંગુ નાખવું યા શરબત પીવા યા ૧૦૦૦ રૂપિયાનું કવર આપવું યા ખાકે શિફા આપવી યા એન્ગેજમેન્ટ કરવા, આવા લફઝો આજે વાલેદૈન અને ફિકરમંદ માઁ-બાપને પરૈશાનીમાં નાંખી દે છે. કોઈની દીકરી લાવવી યા કોઈને પોતાની દીકરી રિશ્તામાં આપવી તે એક મુશ્કિલ કામ થઈ પડું છે. દીકરી ૧૮ થી ૨૦ સાલ અને દીકરો ૨૨ થી ૨૪ સાલની નિસ્બતની ઉંમર પર પહોંચે અને જો તેનો રિશ્તો વક્ત-સર ન થાય, તો વાલેદૈનની રાહત છિનવાઈ જાય છે. રિશ્તામાં તાખીર કરવી તે ઘણી બધી આફતો, બદઝહેની, બેશરમી અને દાગદારીને તેડું કરે છે. **ભણવાનો અને ભણાવવાનો જુનૂન અને દોડમાં સહી વક્ત પર બહેતર રિશ્તા ના થાવાનો યા ન કરવાનો સડો જમાઅતમાં આજે પેસેલો છે.** આ રોગના મુજરિમ અને ઝિમ્મેદાર વધારે પડતી ખ્વાહિશો, ઊંચું તાઅલીમી સ્તર અને રિશ્તા વાસ્તે જે ઘર તરફથી વાત આવેલી હોય તે વાસ્તે ખોટી સમઝ અને બદગુમાની છે.

મુમેનીનને નિસ્બત-રિશ્તો કરવામાં આસાની કેમ થાય તે વાસ્તે છેલ્લા ૧૦ સાલથી સાહેબે દાઅવત, અંજુમને તન્ઝીમે મિલ્લતે તૈયેબીયહના અરાકીન અને જમાઅતના ચંદ ખૈરખ્વાહ મુમેનીન-મુમેનાત ખૂબ તદબીરકુન છે. બિલા-ગરઝ ખિદમત કરી રહ્યા છે. **પહેલો અને વહેલો રિશ્તો તે સહેલો અને સાચો રિશ્તો.** રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, "તમેં એવા બૈરો સાથે રિશ્તો ન કરો કે, જેમાં ઈમાનની કોઈ નિશાની જ ન હોય. મગર તમારા ઘરમાં જો કોઈ ઈમાનદાર-ખાદેમહ-ખિદમત કરનાર બૈરો હોય, તો તે રિશ્તો કરવાને ઝિયાદહ લાઈક છે, અફઝલ છે, તે બેઈમાન બૈરો કરતા. **તમેં બૈરોમાં ચહેરાની ખૂબસૂરતી કરતા ઈમાનો અખ્લાકની ખૂબસૂરતી જોજો.**"

હર ચીઝનો એક વક્ત મુકર્રર હોય છે. મુમિન, તેની તબીઅતથી આકિલ, સયાનો અને વક્ત પર કામ કરનાર હોય છે. મુમિન વાસ્તે જો આ ચીઝોમાં તાખીર થાય તો તેને મોટું નુકસાન થઈ શકે છે. ૧) દૈન-કરઝને આપેલા વક્ત અને વચન મુજબ અદા કરવું, ૨) નમાઝમાં ફરઝોને શરીઅતે બતાવેલા વક્ત પર અદા કરવા, ૩) મહેમાનદારી કરવી અને ૪) ઘરમાં દીકરી જવાન થાય કે, તેના રિશ્તા વાસ્તે કોશિશ કરવી. દીકરી જવાનીની દગર પર કદમ મુકે તો વાલેદૈનની પહેલામાં પહેલી ફિકર તેના રિશ્તાની અને બહેતર નિસ્બતની હોવી જોઈએ. આજનો વક્ત શયતાની વક્ત છે. **ખરાબ મીડીયા, મોબાઈલ અને ઈન્ટરનેટના બેકાબૂ ઇસ્તેમાલના રૂએ ઝહેરીલા સાંપ હર જગે છુપીને પોતાના શિકારને ડંખ મારવા બેસેલા છે.** એજયૂકેશન અને કરિયરના બહાને આજે વાલેદૈન અવ્વલ રિશ્તાને ઠુકરાવી દે છે. કહેવાતા બહેતર રિશ્તાની વાર જોતા જોતા યા ઊંચી ડીગ્રી હાસિલ કરવાની ફિરાકીમાં દીકરી ૨૧-૨૪ વરસની ઉંમરને પાર કરી જાય છે અને જે વક્ત વાલેદૈનને દીકરીનો રિશ્તો ન કરવાની ભુલનો એહસાસ થાય છે, વહાઁ તક તો વક્તની દોર હાથ માંથી છુટી ગઈ હોય છે. બાઝ માઁ-બાપ પોતાની દીકરીની ઈઝદેવાજી ઝિંદગી આરામથી ગુઝરે તે વાસ્તે દીકરાની દૌલત, સ્ટેટસ, મકાન, લુક, જોબ-ભણતર (ઈન્ડીયા કરતા ફોરેન ઝિયાદહ પસંદીદહ) જોઈ છે. આ સિલસિલામાં બે ટુકા અને બચકાના સવાલો પણ થાય છે. **જાણે કિસ્મત કે અલ્લાહ પરના તવક્કુલનો કોઈ વુજૂદ જ ન હોય.** કોઈનો વક્ત એક જેવો રહ્યો નથી. માઁ-બાપ જાણે છે કે, જે વક્ત એ લોગોની શાદી થયેલી તો શું આ મુજબની માંગણીઓ હતી, આટલી બધી તફતીશ હતી. પણ ઘર કરવા સબર અને શુક્રથી કામ ચલાવું ને! જે મુમેનીન ૨૦ સાલ પહેલા બદરી મોહલ્લામાં ૧૦X૧૦ ની ખોલીમાં પૂરા કુટુંબ સાથે રહેતા હતા તે આજે આજવા રોડ પર યા ફતેહગંજમાં આલી શાન બંગલાઓમાં યા ફલેટમાં રહે છે. હાઁ! વાલેદૈન એટલું ઝરૂર જોઈ કે દીકરો ખાધે-પીધે સુખી છે, ફિકરો ખયાલ અને અકીદા બરાબર છે, દાઅવતે હક્ક સાથેના રિશ્તા બરાબર છે, પોતે કામકાજ પર લાગેલો છે, કોઈ ખરાબ સોહબત, આદત કે સંગત પર તો નથી, દીનદાર-ઈમાનદાર છે. બસ! આટલું કાફી છે. **જેટલી વધારે ઉમ્મીદો એટલી વધારે તકલીફો.**

આ સિલસિલામાં સાલોથી તદબીરો ચાલે છે અને જમાઅતનું આ દીની અખ્બાર "મિશ્કાતુલ હાદી" જેનું ૧૪ મું સાલ ચાલી રહ્યું છે તેના માતહત ૧૪૨૯-૩૦ માં દીકરા-દીકરીઓની નિસ્બતની એન્ટ્રીઓ શાયેઅ કરવામાં આવી હતી. આ સાથે (બકીયાહ પેજ નં. ૯૫ર)

**ફક્ત સચ્ચાઈ કામ નહીં લાગે મગર સાથે સબર જોઈશે.**

(પેજ નં. ૨ નું બાકી)

સવાર થઈ કે તે સદૂમ ગામ પર અઝાબે ઈલાહી નાઝિલ થયો. ઝમીનમાં ઝલઝલો વાકેઅ થયો. લોગોમાં નાસભાગ મચી ગઈ. તે પહેલા મૌ. લૂત અને મુમેનીન ત્યાંથી રવાના થઈ ચુકા હતા. આસ્માન પરથી કાંકરાનો વરસાદ થયો અને ઝમીનમાં ભારે ઝૈરોઝબરી થઈ કે જાણે નીચેની ઝમીન ઉપર આવી ગઈ અને જે ઝમીન ઉપર હતી તે નીચે ધસી ગઈ. મૌ. લૂત નબીની નાફરમાન બૈરો સાથે તમામ બદકારો હલાક થયા અને નારે જહન્નમમાં દાખિલ થયા.

## ઈબરતનાક અહાદીસે બની ઈસ્રાઈલ – કિસ્સો : ૨૭

## "લવાતત - મરદ સાથે મરદની આપસમાં બદકારી, ફહેશકારી, નાજાઈઝ જિન્સી તઅલ્લુકાત બદતરીન ગુનાહ છે"

બની ઈસ્રાઈલમાં એક શખ્સ ખૂબ દીનદાર હતો. ખૌફે ખુદા રાખનાર અને શરીઅતના હર એહકામથી આગાહ હતો. ફલ-ફૂલ ઉગાવતો હતો અને એક કુશાદા મોટા બાગનો માલિક હતો, જે તેના ઘરથી નઝદીક હતું. તેના ઘરના આસપાસના લોગો ખરાબ વહેવાર અને આદતોંના હતા. લેહાઝા, તે ખુદ પૂરી રાત બાગની નિગેહબાની કરતો અને ચોરોથી બાગને બચાવવા તેના ચોતરફ પહેરો કરતો.

ચોકી કરતા કરતા એક રાત તેને જોયું કે, બાગ માંથી કોઈ મરદોનો આવાઝ આવી રહ્યો છે. તેને તલાશ કરતા કરતા જોયું કે, એક મરદ બીજા મરદ પર છે તેઓ બદકારી કરી રહ્યા છે. બાગબાને ચીખ લગાવી, બેવે બદકારો પાછલ નાસો અને તલવારથી એવો વાર કીધો કે બેવેના જિસ્મના બે ટુકડા થઈ ગયા. બદકારીના સબબ બેવે હલાક થઈ ગયા. ફજર થઈ તો બેવેના રિશ્તેદારો તલાશ કરતા કરતા તે બાગબાનના બાગમાં આવી પહોંચ્યા. તેઓએ જોયું કે, **બેવેના લાશા ટુકડા થઈને એક ગોશામાં પડેલા છે.** થોડી વારમાં બાગબાન ત્યાં આવો અને તેએ રાતમાં જે વાકેઓ બનો હતો તે કહી સંભલાવો. રિશ્તેદારોંએ ગુસ્સામાં આવીને બાગમાં તૂફાન મચાવું. બાગબાનની કોઈ જ વાત કુબૂલ કીધી નહીં અને તેના પર કત્લનો ઈલ્ઝામ લગાવીને તેને પકડીને મૌ. દાઉદ નબી (અ.સ.) પાસે લઈને આવા.

મૌ. દાઉદે તમામને ચુપ કીધા. બાગબાન પાસેથી હકીકતને જાણી. આ વાકેઆનો કોઈ શાહિદ ન હોવાના સબબથી દાઉદ નબી હુકમે ઈલાહીનો ઈન્તેઝાર કરવા લાગા. રિશ્તેદારો દાઉદ નબી પર શિતાબીથી ફેસલો આપવા પર ઝોર દેવા લાગા. **દાઉદ નબી તે બાગબાનના અમલથી રઝામંદ હતા પણ આપ ખુદાની રઝામંદીના તાલિબ હતા.** ખુદાતઆલા તરફથી વહ્ય આવી કે, ખબરદાર! ફાસિક, બદકાર અને ઝાની જહન્નમની આગના ટુકડા છે અને તેમાં જ તેઓ જલશે. બેવે બદકારોંના ખૂનનો ઝિમ્મેદાર આ બાગબાન નથી. દુનિયા અને આખેરતમાં તે બેગુનાહ છે. બદકારને મારવું મારી નઝરમાં પસંદીદહ અમલ છે. **બદકારની હલાકી અને મુમિનની આબાદીથી હું અને મારા નબી ખુશ છે.** તમારા માંથી કોઈ લવાતત-બદકારીને જોઈ, બદકારી કરનાર કે કરાવનારને જોઈ અને તેને ખબર હોય કે આ બદકારીના અસ્બાબ કોન ઉભા કરી રહ્યું છે અને જો તે તમામ બદકારોને કોઈ કત્લ કરશે તો હું તેના ગુનાહને મુઆફ કરી દઈશ, યહાઁ તક કે, પહાડની માનિંદ તેના ગુનાહ અઝીમ ક્યાં નથી હોતા!

## ઝમાનએ હાલ

આજે બેશરમીનો લિબાસ પહેરીને જે ફિરે તે ઝિયાદહ મશહૂર છે. ફહેશ અને ઉરયાનીની ગુફતગૂ લોગો શૌકથી કરે છે. હરામકારી અને બદકારી ફેશન બની ચુકી છે. શયતાની સામાન હર જગે મુહય્યા છે. આ શયતાની દૌરમાં મુમિનને હરએક કદમ સોચી-વિચારીને ઉઠાવવાનો છે. શયતાની લોગોએ હર મહાઝ પર ફરૈબ અને ધોકેબાઝીની જાલ બિછાવીને રાખેલી છે.

હર કોઈને પાસે પોતાનો મોબાઈલ, લેપટોપ, PC યા ઈલેક્ટ્રોનિક સામાન છે કે, જેની સ્ક્રીન પર તે પોતાની સહૂલતે પોતાના મનફાવતા વક્ત, જગા અને સોહબતમાં હર તરહની ચીઝ જોઈ શકે છે, મોકલી શકે છે અને બનાવી શકે છે.

(બકીયાહ પેજ નં. ૯ પર)

**ફક્ત દોઆ કામ નહીં લાગે મગર સાથે વસીલો જોઈશે.**

## મરસીયા - અલ ખમ્સતુલ અત્હાર પંજતને પાક (અ.સ.)

એક દિન અલી સે ફાતેમા ઝહેરાને યૂઁ કહા,
ફાકા ગુઝર રહા હે સુનો આકા મુરતઝા,
મેરે હસન-હુસૈન પે અબ રહેમ કી હે જા,
ભૂખે યે સો રહેં હૈં મેરે દોનોં મેહલેકા,
યે સુનકે આકા શૈરે ખુદા મુરતઝા ચલે,
એક દિરહમ કરઝા લે કે વો મુશ્કિલકુશા ચલે.

મિકદાદ રાસ્તે મેં મિલે રોકે યે કહા,
અય આકા ફાકા તીસરા હે કીજીએ દોઆ,
રહેમત કે દરિયા આપ હો નેઅમત કરો અતા,
દિરહમ થા પાસ આપને ઉસ વક્ત દે દીયા,
પઢકર નમાઝે ઝોહર જો જાને લગે અલી,
અપને બુલાકે પાસ યૂઁ કહેને લગે નબી.

અય ભાઈ ખાના રાત કો હમ સાથ ખાયેંગે,
તુમ ફાતેમા સે કહેના કે હમ ઘર પે આયેંગે,
સોચા અલીને કૈસે યે ખિદમત બજાયેંગે,
ઘર મેં તો દાના એક નહીં ક્યા ખિલાયેંગે,
આકા અલી કે સાથ નબી ઘર પે આ ગયે,
ઝહરાને દેખા બાબા હે તશરીફ હૈ લાયે.

ફૌરન વુઝૂ બનાકે હે સજદા અદા કીયા,
શુક્રીયા રબ કે સામને કરકે યે કી દોઆ,
રબ્બાહ મેરી યે દર્દ ભરી સુન તું ઈલ્તેજા,
બાબા નબી કા વાસ્તા હયદર કા વાસ્તા,
બાબા નબી કે સામને ઈઝ્ઝત રહે ખુદા,
કૈસે યે મેરે બાબા કો ખાના કરૂં અતા.

સજદે મેં ગિડગિડાકે જો ઝહરાને કી દોઆ,
ઉસ વક્ત હુકમ રબ્બે ઓલા ને સુના દીયા,
જિબ્રીલ માએદે કો લિયે જાઓ યે કહા,
આ કર મલક ને ફાતેમા ઝહરા કો દી સદા,
બીબી અય ઝહરા હો ગઈ દેખો દોઆ કુબૂલ,
રબ ને યે હદીયા ભેજા હે તુમ કો સુનો બતૂલ.

ઝહરા ને આકે થાલ રખા બેઠે મુસ્તફા,
એક જા હુસૈન બેઠ ગયે ઔર મુજતબા,
મૌલા અલીને સોચા કે ઘર મેં તો કુછ ન થા,
બોલે નબી કે ફાતેમા કો દેખતે હો ક્યા,
જન્નત સે માએદે કો યે જિબ્રીલ લાએં હૈ,
બેટી ને મેરી શુક્ર કે સજદે બજાએં હૈં.

મિકદાદ કો દિરહમ દીયા ઉસકા સિલા મિલા,
મિકદાદ ને દોઆએં દી ખુશ કિબરીયા હુવા,
સજદે મેં ફાતેમાને કી રો રો કે ઈલ્તેજા,
બાબા નબી ઔર આકા અલી કા હે વાસ્તા,
યે વાસ્તેં દીયે ઔર દોઆ હો ગઈ કુબૂલ,
દેખો યે મુસ્કુરાતી હે બેટી મેરી બતૂલ.

અલ્લાહ અલ્લાહ ફાતેમા કી શાન મરહબા,
બાબા મિલે તો હક્ક કે નબી નામ મુસ્તફા,
શોહર મિલે તો શૈરે ખુદા ઝાતે કિબરીયા,
બેટે હસન-હુસૈન સે રબને કીયે અતા,
યે પાઁચ નામ મિલ ગયે તો પંજતન બને,
નૂરાની રબ કે નૂર સે ઉનકે બદન બને.

નૂરાની નામ અર્શ કે હે બાબ પર રકમ,
યે પંજતન પે ઉન્હીં કી ઉમ્મત કા થા સિતમ,
જબ બાતેં યાદ આતી હૈં ઘુટતા હે સબકા દમ,
દુનિયા સે જબ સિધારે નબી સરવરે ઉમમ,
ઉમ્મત કી બેવફાઈ સુનાના મુહાલ હે,
ઝહરા યતીમ હો ગઈ ઔર ગૈર હાલ હે.

કોઈ અલી કે ઘર કો જલાને કો આ ગયા,
ઝહરા કો દિર્રે કોઈ લગાને કો આ ગયા,
આઁખેં દિખાકે નારી ડરાને કો આ ગયા,
કાનોં સે બાલીયોં કો ખીંચને કો આ ગયા,
ઝહરા પે દર સિતમ કા કિસીને ગિરા દીયા,
માઅસૂમ કો તમાંચા લઈ ને લગા દીયા.

(બકીયાહ પેજ નં. ૮ પર)

**ફક્ત જમવું કામ નહીં લાગે મગર સાથે શુક્ર જોઈશે.**

(પેજ નં. ૭ નું બાકી)

રોતે હસન-હુસૈન થે ઝૈનબ ને ખોયા ચૈન,
માઁ ફાતેમા કે કૌન સુને દરદો ગમ કે બૈન,
લિપટે હુવે થે કદમોં સે પ્યારે વો નૂરે ઐન,
નાના મદદ કો આઓ સુનાતે હસન-હુસૈન,
અય નાના દેખો અમ્માં કો ઝખ્મી બનાયા હે,
ઉમ્મત ને નાના આપકી હમકો રૂલાયા હે.

કાલી રસન મેં આકા અલી થે બંધે હુએ,
ગોયા કે મિસ્લે નાકા હે મૌલા ખીંચે હુએ,
હથિયાર હાથ મેં થે અદૂવે ખુદા લિએ,
બાદે નબી સિતમ હે કિએ યે નયે નયે,
ઈદે ગદીરે ખુમ કો ભુલાયા ઝમાને ને,
યે પંજતન કો હાય રૂલાયા ઝમાને ને.

બૈતુલ હઝન મેં રોતી થી બાબા કો નૌહા ગર,
સત્તર દિનોં મેં ફાતેમા ઝહરાને કી સફર,
રોતે થે અહલે બૈત સભી સર કો પીટ કર,
વો ગમ ઉઠાયા બીબી ને હય હય ગઈ ગુઝર,
મૌલા અલી કો ચૈન સે રહેને નહીં દિયા,
આઅદા ને ફિર અલી પે સિતમ હે નયા કિયા.

મસ્જિદ મેં બેખતા કો હે મારા મુસીબતા,
જિબ્રીલ રોએ અર્શ પે હય હય યે ક્યા હુવા,
દૌડે હસન-હુસૈન ભી કરતે હુવે બુકા,
ઝૈનબ પુકારી બાબા મેરે શૈરે કિબ્રીયા,
મેં હો ગઈ યતીમ ઝમાના ઉલટ ગયા,
મસ્જિદ મેં સર નમાઝી કા સજદે મેં કટ ગયા.

ઘર સે ગયે થી ચલતે ન ચલતે અલી હે આએ,
હુસનૈન ચાર પાઈ મેં ઉનકો ઉઠાકે લાએ,
સબ અહલે બૈત દર્દ ભરે નૌહે થે સુનાએ,
બેદર્દ યે ઝમાને સે રાહત ઝરા ન પાએ,
ઝહેરીલી તૈગ કૈસી સિતમ કી વહાઁ ચલી,
જન્નત તરફ રવાના હુએ મુરતઝા અલી.

ફિર દુશ્મનોં ને હઝરતે શબ્બર કો હે સતાએ,
તાકે લઈના જાઅદા વો હીરાકની પિલાએ,
બદબખ્ત ઝહેર કૂંઝે મેં આકે મિલાકે જાએ,
વો ઝહેર કે અસર સે હસન ભી સિધારે હાએ,
ટુકડે કલેજે કે હુએ માતમ બપા હુવા,
બોલે હુસૈન ભાઈ યે ક્યા હાદેસા હુવા.

બોલે હસન કે ભાઈ ગલે સે લગાઉં મૈં,
જો તુમ પે ભાઈ ગુઝરેગી વો કહે સુનાઉં મૈં,
બન કરબલા કી દાસ્તાઁ નઝરોં મેં લાઉં મૈં,
ગમ મેં તુમ્હારે ચશ્મ સે આઁસૂ બહાઉં મૈં,
તુમ પે બલા વો ગુઝરેગી કોઈ ન હોએગા,
તુમ હમકો રો રહે હો તુમ્હેં કૌન રોએગા.

ભાઈ, ભતીજે, બેટે સભી મારે જાએંગે,
સર કો તુમ્હારે કાટ કે નૈઝે ચઢાયેંગે,
લાશે પે ઘોડે આપકે ઝાલિમ દોડાયેંગે,
ખૈમે કે સાથ નાના કી મસ્નદ જલાયેંગે,
અહલે હરમ કી ચાદરેં લે જાયેંગે લઈ,
કોડે લગા કે લાઅનતી ઘુડકાયેંગે લઈ.

બાદે હસન-હુસૈન પે ઢાએ નએ સિતમ,
અબ આઓ યા હુસૈન તુમ્હેં સાથ રોએ હમ,
સીને મેં કલ્બ કાંપતા હે ચશ્મ હે યે નમ,
અર્શે ઓલા પે ફર્શ પે શબ્બીર કા હે ગમ,
કરબો બલા કી દર્દ કી ગમ કી કહાની હે,
લાખોં અદૂ મેં ઘિર ગયા ઝહરા કા જાની હે.

અબ્બાસ ભાઈ શૈરે દિલાવર ગુઝર ગયા,
અબ્દુલ્લાહ દુલ્હા સામને નઝરોં કે મર ગયા,
અકબર અલી કે સીને મેં નૈઝા ઉતર ગયા,
ખૈમે જો ખાક હો ગયે સબ ઘર ઉજડ ગયા,
ઝૈનબ પછાડે ખાતી હે રોતી હે કરકે બૈન,
લો અલ-વદાઅ કહેતે હુએ જાતે હૈં હુસૈન.

(બકીયાહ પેજ નં. ૧૪ પર)

(પેજ નં. ૫ નું બાકી)

મૌલા મુકદ્દસના વક્તમાં બે વાર ઝેનિથ સ્કૂલના ગ્રાઉન્ડમાં દીકરા-દીકરીઓને નિસ્બત વાસ્તે અંજુમને તન્ઝીમે મિલ્લતે તૈયેબીયહના તહેત પ્રોગ્રામ કરવામાં આવો હતો. આ તદબીરોને ઔર પાયેદાર બનાવવા અને ઔર મુઅસ્સિર બનાવવા હુઝૂરેઆલી આકા મૌલા (ત.ઉ.શ.) ના ઈરશાદથી દાઅવતે હાદીયહની નિગરાનીના ઝૈર "**તસ્હીલે નિસ્બત**" કમીટી બનાવવામાં આવી છે.

આ કમીટીના અરાકીન અયવાને નૂરાનીમાં (નૂરાની મસ્જિદને પાછલ કોટા સ્ટોનનું સહેન જ્યાં સાહેબે દાઅવતનું મવાઈદ છે) ૨૨ મી જાન્યુઆરી, રવિવારથી ફજેરે ૧૧:૦૦ થી ૧૨:૦૦ વાગા દરમિયાન બેસવાનું શુરૂ કરી કીધું છે. દર રવિવારે આ જ જગા પર આપેલા વક્ત મુજબ મેમ્બરો હાઝિર રહેશે. તે એ તરહથી કે, જે અરઝદાર પોતાના દીકરા કે દીકરી વાસ્તે નિસ્બત કરવાની અરઝ કરવા માંગતા હોય, તે પહેલા મેમ્બરોં પાસેથી ફોર્મ હાસિલ કરે, તેને બરાબર વાંચે અને તમામ વિગતો સહી તૌરથી ફરાહમ કરે. મેમ્બરો પાસે એક વક્ત વિગતો આવી જાશે કે અરઝદારની માહિતી મુજબ તેને પૂછીને મુનાસિબ દીકરા/દીકરી સાથે રિશ્તાની વાત મુકાશે. દીકરા-દીકરીની મુલાકાતની ગરઝ પૈદા થાશે તો તેની કોશિશ પણ મેમ્બરો જ કરશે. મુસ્તકબિલમાં ઈરાદો એમ પણ છે કે, અરઝદારની અરઝને "**અહલુઝ ઝિક્ર**" કે "**મિશ્કાતુલ હાદી**" માં શાયેઅ કરવામાં આવે જેથી આ મોહિમ વધારે કારગર થઈ શકે.

આ સિલસિલામાં વડોદરામાં તમામ મસ્જિદોમાં એલાન થયું અને મુમેનીનને આ મોહિમ વાસ્તે આગાહ કરવામાં આવા. નતીજતન કમીટીના અરાકીન પાસેથી ઘણા મુમેનીન-મુમેનાત ફોર્મ લઈને પોતાના ફરઝંદ-દુખ્તરની નિસ્બત વાસ્તે અરઝ કરી ચુકા છે. હમણા તક ૭૦ થી ઝિયાદહ અરઝીઓ આવી ચુકી છે અને ઉમ્મીદ છે કે ઔર ઝિયાદહ ઉમ્મીદવાર મુમેનીન જેમ જેમ ખબર પડશે તેમ આનાથી ઈસ્તેફાદો હાસિલ કરશે. કમીટીના મેમ્બરો આવેલી અરઝીઓ પર નઝર કરી રહ્યા છે. પૂછપરછ અને તફતીશાત શુરૂ થઈ ચુકી છે. જે જે ફરઝંદો-દુખ્તરોમાં આપસી મુનાસેબત અને રિશ્તેદારીની ગુંજાઈશ પૈશ આવશે તેઓ દરમિયાન ગુફતગૂ અને મુલાકાતની તજવીઝ મુકાશે.

ઈન્શાઅલ્લાહ ઉમ્મીદ છે કે, જો આ તદબીર કારગર સાબિત થઈ તો મુમેનીનને નિસ્બત કરવામાં થાતી પરેશાની અને તકલીફને હત્તલ ઈમ્કાન આસાન અને સહેલ કરી શકાશે. જમાઅતની બંદિશ, રિશ્તાઓની પાકીઝગી પર આધાર રાખે છે.

કોન્ટેક્ટ નંબર :　હદસાહેબ કાસિમઅલીભાઈ - ૯૮૨૫૭૧૯૭૮૬
મુઅઝ્ઝેમહ બુસાહેબા શુકરાનાબુ - ૯૩૨૭૦૬૮૭૩૩ ✫

---

(પેજ નં. ૬ નું બાકી)

કોઈ તરહનો મીડીયા ખાલી નથી કે, જે ફહેશકારી અને બદઝહેની તરફ જવાનને ખેંચતું ન હોય. ખ્વાહેશાત અને ખોટા તકાઝા યહાઁથી જન્મે છે. ગૈર-જાઈઝ ઝરૂરીયાતનો રસ્તો યહાઁથી ખુલે છે. ના પૂરી થઈ શકે એવી ઉમ્મીદો અને હાજિતોંની ચીનગારી યહાઁથી ભડકે છે.

ઈન્ટરનેટ યા મીડીયા પર આવનાર તમામ ચીઝો ખૈર અને લાઈક હોતી નથી. તેમાં ખૈર કરતા શર અસરાત ઝિયાદહ હોય છે. આજે તમામ ચીઝો ઓનલાઈન થઈ ચુકી છે, લેહાઝા કોમ્પ્યૂટર કે મોબાઈલનો ઈસ્તેમાલ ઝરૂરી થઈ ગયો છે. આ તમામ આજની ઈજાદાત, મુખ્તલિફ એપ્સ, યૂ-ટયૂબ, વેબસાઈટો, ગેમ્સ, વોટસએપ, ફેસબુક વગૈરહ **બદકારી, ફહેશકારી અને બેશરમીના પ્લેટફોર્મ બનતા જાય છે.** ઘરના મોટાઓ પર લાઝિમ છે કે, જવાનોંને આ બદ-ચીઝોંથી આગાહ કરી દે. દુનિયાના ગૈર-ઈસ્લામી મુલ્કો કે, જેમાં ચંદ અમેરીકન અને યુરોપીયન સ્ટેટસ શામિલ છે, લવાતત જેવી બદકારીને કાનૂનન જાઈઝ છે એમ ઝાહિર કરી દીધું છે. આ તરહના ગૈર-કુદરતી અને ગૈર-ઈન્સાની જિસ્માની-જિન્સી તઅલ્લુકાત તે મુલ્કોમાં આમ થઈ ચુકા છે. આહિસ્તા-આહિસ્તા ફેમીલી લાઈફ ખત્મ થઈ રહી છે.

ખુદાનો શુક્ર છે કે, અપના મુલ્ક હિન્દુસ્તાનમાં આ તરહની બદકારી હજુ સતેહ પર આવી નથી. અપનું કલ્ચર અને સમાજી ઊસૂલ આ તરહના ફહેશ તઅલ્લુકાતને હરગિઝ જાઈઝ ઠહેરાવતા નથી. દાઈઝ્ઝમાન (ત.ઉ.શ.) ની હિદાયતના અન્વારના સાયામાં ખુદાતઆલા મુમેનીનની જમાઅતને આ બદીથી હર વક્ત મહેફૂઝ અને મુબર્રા રાખે. આમીન. ✫

**ફક્ત તાઅલીમ કામ નહીં લાગે મગર સાથે અખ્લાક જોઈશે.**

## ઔલાદે શયતાન : હામ બિન હીમ

અપનો ઈસ્માઈલી-તૈયેબી મુમેનીનનો ઐન અકીદો એ છે કે, હરએક વક્તમાં સાહેબે હક્ક સામે આપનો એક અદૂવે મુબીન-ખુલ્લો દુશ્મન હોય જ છે. હક્ક સામે બાતિલ હોય જ છે. ચોખ્ખા પાનીની તહારતને સામે ગંદા પાનીની નાપાકી હોય જ છે. અબુલ બશર મૌ. આદમ સફીયુલ્લાહ (અ.સ.) ના ખિલાફ ઈબ્લીસ લઈન હતો. જેમ મૌ. આદમની નસલ આપના સબબ આ દુનિયામાં આગલ ચાલી, તેમ ઈબ્લીસની ઔલાદ પણ વધી. આદમી-ઈન્સાને ઈમાની સામે ઈબ્લીસી લોગો આ જહાનમાં આવતા જ રહે છે. જેમ ઈન્સાન તેના માઁના રહેમ-પેટમાં ૯ મહીના તક હમલની શિક્લમાં રહે છે અને પછી પૈદા થાય છે, તેમ ઈબ્લીસની ઔલાદમાં હમલથી પૈદાઈશ નથી. મગર તેના બચ્ચાં ઈંડા-બૈઝહથી પૈદા થાય છે. તેમાં ફક્ત નર હોય છે, માદા-બૈરો નહીં. **ઈબ્લીસની ઔલાદ શયાતીન-શયતાનોં કહેવાય છે.** તેમાં એક શખ્સ સિવાય સઘલા જ કાફિરો છે. તે એક મુમિનનું નામ હામ બિન હીમ બિન લાકીસ બિન ઈબ્લીસ છે.

આ હામ બિન હીમ રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) પાસે આવો જે ઘણો જ હૌલનાક, ખૌફનાક અને મોટા જુસ્સાવાલો હતો. આપે તેને પૂછું કે, તું કોન છે? મારી મુલાકાતનો સબબ શું છે? તેએ એનું નામ બતાવું અને કહેવા લાગો કે, જે વક્ત કાબીલે તેના ભાઈ હાબીલને કત્લ કીધા તે વક્ત મેં ઈબ્ને આઅવામનો ગુલામ હતો અને કાબીલની હિમાયત પર હતો. હું લોગોને હક્ક તરફ જાવાથી, મૌ. આદમની શરીઅત પર ચાલવાથી રોકતો હતો અને લોગો જે વક્ત જમવા બેસે તો હું તેમને જમન બિગાડવા પર મજબૂર કરતો હતો. **માઈ કામ જ એ હતું કે, હક્કથી રોકવું અને જમનને બિગાડવું.** નબી સાહેબે ફરમાવું કે, હલાકી છે તારા વાસ્તે! જો તુંએ આ મિસિલ કીધું હશે તો તું બદતરીન જવાન કહેવાય.

હામે અરઝ કીધી કે, અય મોહંમદ! આપ મારી મઝમ્મત ન કરો. મારા વાસ્તે સૂઉઝઝન્ન-બદખયાલી ન રાખો. જે બદ અમલ પર હું સવાર હતો તે વાસ્તે મેં મૌ. નૂહ નજીયુલ્લાહ (અ.સ.) ના હાથ પર તૌબા કરી ચુકો છું . મૌ. નૂહના ઈરશાદથી અને આપની નઝરે ઈનાયતથી મારી મુઆફી થઈ ગઈ છે. જે વક્ત મૌ. નૂહે કિશ્તી-સફીનું બનાવું તે વક્ત હું આપના સાથે હતો, આપને સાથે કિશ્તી બનાવવામાં મેં ખૂબ મહેનત કીધી અને જે વક્ત પાની પર સફીનું ચાલું તો હું પણ મુમેનીન સાથે તે પર સવાર હતો. મૌ. નૂહે આપની નાફરમાન કૌમ વાસ્તે જે વક્ત બદ્દોઆ કીધી તો મેં આપને એતાબ કરીને, આપથી નારાઝ થઈને, એ મુજબ નહીં કરવાની અરઝ કીધી. તે બાદ મેં મૌ. ઈબ્રાહીમ ખલીલુલ્લાહ (અ.સ.) ની મદદ પર હતો જે વક્ત નિમરૂદે આપને આગમાં નાંખા તો આગ આપના વાસ્તે બરદન વ સલામન-ઠંડી થઈ ગઈ. જે વક્ત આપ જન્નત જેવા બાગમાં ગશ્ત કરી રહ્યા હતા તે વક્ત મૌ. ઈબ્રાહીમે, **અય મોહંમદ! તમારા ઉપર અને તમારી આલ ઉપર સલવાત પઢી હતી.** તે બાદ મેં મૌ. મૂસા અને આપને માનનારા બની ઈસ્રાઈલના મુમેનીનની હિમાયત પર હતો જે વક્ત ખુદાતઆલાએ ફિરઔન લઈન અને તેના લશ્કરીઓને દરિયાએ નીલમાં ગરક કીધા હતા અને હક્કના લોગોને ઝુલ્મથી છુડાવી લીધા હતા. એ જ મિસિલ મેં મૌ. સાલેહ અને મૌ. હૂદના વક્તમાં પણ હતો. તેમની હર તરહ મદદ કીધી, કાફેરીનને સમઝાવવા કોશિશ કીધી. પણ તેમને પોત-પોતાની કૌમની આ શયતાની રવિશના સબબ બદ્દોઆ ફરમાવી, તો મેં તેમને એતાબ કીધો. મેં કહ્યું કે, **" કૌમને થોડી મોહલત આપીને, અઝાબથી ડરાવીને સુધરવાનો મૌકો આપવામાં આવે. "**

રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) એ ફરમાવું કે, "એવા લોગો કુફ્ર અને નાફરમાનીની હાલતમાં જ મરશે. અય હામ! તમેં ગમે તેટલી કોશિશ કરો તે લોગોનો અંજામ ખાતેમહ બિશ-શર છે. ખૂબ બુરો હાલ થાશે. તેઓને હિદાયતનો એક હરફ કામ નહીં લાગે. તેઓની દુશ્મની હાલાતથી નથી મગર પૈદાઈશી છે." હામ સમઝી ગયો કે, નબીને એતાબ કરવું તે ગુનાહે અઝીમ છે. તે બોલો કે, અય મોહંમદ! મેં હરએક આસ્માની કિતાબોં પઢેલા છે અને હરએક કિતાબમાં આપની બિશારત યાઅની આપ આખરી નબી બનીને પધારશો એમ ખુશખબરી આવેલી છે. તમામે તમામ નબીયો આપના ઉપર સલામ બોલી ગયા છે. લોગોને સમઝાવી ગયા છે કે, તેઓના રાસ-રઈસ હજી આવવાના બાકી છે. તેઓ તો ગુલામો છે મગર સરદાર આવવાના બાકી છે. તેઓ એમ કહી ગયા છે કે, કુલ અંબિયામાં અફઝલ અને અકરમ આપ છો. આપનાથી હું અરઝ કરૂં છું કે,

(બકીયાહ પેજ નં. ૧૨ પર)

**ફક્ત માલ કામ નહીં લાગે મગર સાથે સખાવત જોઈશે.**

# મસ્જિદે હાતિમીનું ઈફ્તેતાહે સઈદ

૩૧ માં દાઈએ મુત્લક , ૧૭ સાલ તક ટાંકામાં રહીને દાઅવતે હાદીયહના ઊમૂરને સંભાલનાર, મુમેનીનને હિદાયત અને મીસાકના દાએરામાં કાઈમ રાખનાર, દુશ્મનાને હક્કથી સાલોં તક ઈલ્મની આબદાર તલવારથી મુકાબેલો કરનાર, ઝમીનના નીચે રહીને ઝમીનના ઉપર સચ્ચાઈ અને સૈ. અલી શહીદે આઅઝમ (આ.કુ.) ની હક્કાનીયતના પરચમને લહેરાવનાર, શેર-અશ્આરની મોતીઓની તસ્બીહથી ઝુલ્મની સાંકલોને તોડનાર, વડોદરામાં દાઅવતે હક્કની બુનિયાદ નાંખવાની વસીયત કરનાર સૈયેદના બદરૂદ્દીન હસન બિન સૈ. વલી સાહેબ (આ.કુ.) નો ૩૪૮ મો ઉર્સે મયમૂન મુમેનીન-મુખ્લેસીન વાસ્તે એક અઝીમ બિશારત અને ખુશખબરી લઈને રૂનુમા થયો.

આપ મૌલાના શબે ઉર્સના મૌકા પર ૧૮ મી ર.આખર, સોમવારે આકા મૌલા સૈયેદના અબૂ સઈદિલ ખૈર હાતિમ ઝકીયુદ્દીન સાહેબ (ત.ઉ.શ.) ઝોહરના વક્ત પહેલા અહમદાબાદ પધારી ગયા અને મુકર્રેબુદ્દાઅવત ગુલામહુસૈનભાઈ અહમદાબાદવાલાના મહેમાને ખુસૂસી બના. આકા મૌલાની ૨૦ મી શાઅબાન ૧૪૩૬ હિ. ના દિન તખ્તનશીનીની મજલિસમાં આપ મૌલાએ ગુલામહુસૈનભાઈને અહમદાબાદના મુસાફિરખાનાને પાછલની જગામાં જ્યાં પતરાનો ઢાંચો હતો ત્યાં **મસ્જિદ અને હોલને તાઅમીર કરવાની રઝા ઈનાયત ફરમાવી હતી.** તમામ ચીઝોંની તૈયારી બાદ આપ મૌલાએ ૯ શાઅબાન ૧૪૩૭ હિ. ના દિન તેની સંગે અસાસ મુકી હતી. તે બાદ ૮ મહીના તક મુસલસિલ તાઅમીરી કામ ચાલું હતું અને ઉમ્મીદ હતી કે, મુકદ્દસ મૌલાના ઉર્સના મૌકા પર તે તકમીલ તક પહોંચે. દોઆઓના સબબ ઉમ્મીદ બર આવી અને દાઅવતે શરીફહના મરકઝથી ઈફતેતાહ વાસ્તે એલાને ખુસૂસી કરવામાં આવું.

ગુલામહુસૈનભાઈના ઘર પર ઝોહરની નમાઝ બાદ આકા મૌલાએ એમના ઘરવાલા, ખ્વેશો એહબાબને જમા કીધા અને હિદાયત કીધી કે, "તેમના વાસ્તે ઈફતેતાહ બાદ મસ્જિદને આબાદ કરવાની મોટી ઝિમ્મેદારી છે. તે વાસ્તે હર ફર્દને કોશિશો તદબીર કરવાની છે. વક્ત નિકાલીને મસ્જિદમાં નમાઝ પઢવાની આદત પાડવાની છે. મસ્જિદની દેખરેખ અને હિફાઝત હવે યહાઁ પર મુકામ તમેં તમામ કોન્ટ્રાક્ટર ફેમીલીના હાથમાં છે."

પૂરી ફાતેમી શાનાત અને તૈયાબી બરકાત સાથે આકા મૌલાએ હાતિમી મંઝિલનું ઈફતેતાહે સઈદ મગરિબની નમાઝ પહેલા ફરમાવું. આ હાતિમી મંઝિલના નીચે ગ્રાઉન્ડ ફ્લોર પર હાતિમી હોલ છે જ્યાં બેવે ઉર્સના મૌકા પર યાઅની સૈ. બદરૂદ્દીન સાહેબ અને સૈ. અલી શહીદે કરીમના નિયાઝના જમન મુમેનીન વાસ્તે થાય છે અને ગૈર જમાઅતના લોગોના શાદીના જમન વાસ્તે અપાય છે. ઉપરના પહેલે માલે મસ્જિદે હાતિમી છે. આ બિના પર લાગેલી તકતીએ ખુસૂસી પર આકા મૌલાએ નઝર ફરમાવી અને સૂરતુલ ફત્હ પઢા બાદ આપ મૌલાએ હુદૂદ અને મુમેનીન સાથે મસ્જિદમાં દાખિલી ફરમાવી. મસ્જિદની આબો તાબ, રોનક, ઝીનત, ખુબસૂરતી જોઈને **તમામની ઝબાનથી "સુબ્હાનલ્લાહ" અને "જઝાકુમુલ્લાહ" ના કલામ અદા થયા.**

મુકાસિરૂદ્દાઅવત સૈયેદી મોહંમદ નૂરૂદ્દીન સાહેબ (દા.મ.) એ દાઈયુઝઝમાન (ત.ઉ.શ.) ની શાન અને ફઝીલતમાં તસ્નીફ કીધેલી બૈત **"મુમિનના જાનો માલના માલિક છે આ દાઈ, લહૂ દાઅવતુલ હક્ક"**, રાસુલ હુદૂદ સાહેબે આકા મૌલાની રઝાથી મજલિસની ઈબ્તેદા પઢી. આકા મૌલાએ મગરિબ-ઈશાઈલ આખેરતની ઈમામતની નમાઝ પઢાવી જેના દરમિયાન હાઝેરીને તહીયતુલ મસ્જિદની બે રકાત અદા કીધી. ઝાકીરાને દાઅવતે મૌકાને મુતઅલ્લિક કલામ અને અશ્આર પૈશ કીધા જેમાં મુકાસિરૂદ્દાઅવતની તસ્નીફશુદા બૈત, **"છે આજે ઈફતેતાહ અલ્લાહના ઘરનું, આ ઘર છે ખાલિકે જિન્નો બશરનું"**, પૈશ કીધી. આકા મૌલાએ આ શાનદાર મસ્જિદની તાઅમીર વાસ્તે દૌલતને ખર્ચ કરનાર ગુલામહુસૈનભાઈ અને એમના દીકરાઓ વાસ્તે તાઅરીફો તૌસીફ કીધી, હોસલા-અફઝાઈ કીધી, એમામો-પાઘડી ઈનાયત કીધી અને લેવજહિલ્લાહ મસ્જિદને વકફ કીધી. મુકાસિર સાહેબે વકફનામું પઢું, જેમાં મસ્જિદ-હોલના એહતેમામ અને ઈન્તેઝામાતની ઝિક્ર કરવામાં આવી છે.

(બકીયાહ પેજ નં. ૧૨ પર)

**ફક્ત અટક કામ નહીં લાગે મગર સાથે ઈઝ્ઝત જોઈશે.**

(પેજ નં. ૧૧ નું બાકી)

આકા મૌલએ ઘણા જ આઅલા નિકાત બયાનમાં ફરમાવા. આપે ફરમાવું કે, "મૌ. આદમ સફીયુલ્લાહની નુબૂવતના સબબ ફરમાને ઈલાહી ઉચકીને ફરિશ્તાઓએ સજદો કીધો. આપ મકામના સાહેબ છે. આપ ઝમાનાના મુમેનીન વાસ્તે સજદાગાહ-મસ્જિદ છે. નબી, વસી યા ઈમામ, હર મકામના સાહેબ એના મુમેનીન વાસ્તે મસ્જિદ છે. **મસ્જિદ અને મસ્જિદના સાહેબની ખિદમતના સબબ રૂહાની તરક્કી થાય છે.** જન્નતમાં આલીશાન મહેલો હાસિલ થાય છે. એક ઝમાનામાં યા દૌરમાં જ્યાં મુમેનીન દફન કરવામાં આવા હોય છે તે જગા પર બીજા દૌરમાં મસ્જિદ થાય છે જ્યાં મુમેનીન નમાઝ પઢે છે. એ જ તરહ જે જગા પર એક દૌરમાં મસ્જિદ હોય છે તે જગા પર બીજા દૌરમાં મુમેનીન દફન થાય છે. કાઅબતુલ્લાહના ઈર્દ-ગિર્દ જ્યાં લોગો તવાફ દે છે, નમાઝ પઢે છે ત્યાં આગલા દૌરના બેશુમાર નબીયો દફન છે. નમાઝ ખૈરૂલ અમલ છે તો તેના સબબ મસ્જિદ આબાદ થાવી જોઈએ. મુમિનની આદતો ખસલતમાં નમાઝને કાઈમ કરવું તમામ કરતા પહેલું હોવું જોઈએ. બાવાજી સાહેબ મુકદસ મૌલાના દૌરે તૈયેબીમાં નૂરાની મસ્જિદના ઈફતેતાહ બાદ, આજવા રોડ પર તૈયેબી મસ્જિદ, કબ્રસ્તાનમાં શેહાબી મસ્જિદ, નડિયાદ, મુંબઈ અને સૂરતની મસ્જિદની તાઅમીરાત થઈ અને આખિરમાં આ હાતિમી મસ્જિદ કે જેનું આજે ઈફતેતાહ થયું, તેના વાસ્તે મુકદ્દસ મૌલાની ખૂબ ઉમ્મીદ હતી અને આ ઝમીન જે સાલોંથી ખસ્તા-હાલીમાં પડી રહી હતી તેના પર કોઈ ઈમારત બને તેની ખ્વાહિશ હતી. બાવાજી સાહેબ આજે હમારા સાથે આ મજલિસે ઈફતેતાહમાં મૌજૂદ છે. **આપ ખૂબ ફરહતમંદ હશે કેમકે આપની ઉમ્મીદ બર આવી છે.**"

મસ્જિદના ઈફતેતાહનો ઐની મુશાહેદો કરવા વાસ્તે આ વકત ઉર્સમાં મુમેનીનની હાઝિરી ખુબ ઝિયાદહ હતી. આકા મૌલા સાથે તમામ મુમેનીન મુકદસ મૌલા સૈ. બદરૂદ્દીન સાહેબના મઝારે અકદસ પર પધારા. જ્યાં આકા મૌલાએ મુકદસ મૌલાની મુખ્તસર તારીખના નુકતા બયાન ફરમાવા. આપની ૪૩ સાલની દાઅવતમાં ૧૭ સાલ તલ ટાંકામાં રહેવું. દુશ્મનોના હમલા અને મકરો દગાથી મુમેનીનને બચાવવા. સૈ. અલી સાહેબના ખૂનનો કેસાસ લેવો. આપની કબરે અન્વરના નઝદીક આપના અહલો અયાલ અને અહમદાબાદમાં તે વકત મુકીમ મુમેનીનનું દફન થાવું. વરસોં તક તે કબ્રસ્તાન પર અપની માલિકી હોવી યહાઁ તક કે ૪૨ માં દાઈ સૈ. બદરૂદ્દીન સાહેબના ઝમાનમાં કબ્રસ્તાનના એક છેડા પર મુસાફિરખાનું આબાદ હોવું. મુકદસ મૌલાનું લાહોર જઈને અહલે બાતિલના ઝુલ્મને ખિલાફ મુગલીયા દરબારમાં શિકાયત કરવું. આકા મૌલાએ આ તમામ ચીઝોને બયાન કરીને રોઝામાં હાઝેરીનને ઝમાનાની કરવટ અને અહલે બાતિલના મકરો ફરૈબથી આગાહ કીધા. જે કબ્રસ્તાન પર અપનો હક્ક હતો તેને આજે ગૈર લોગોએ હડપ કરી લીધું છે.

ઉર્સના દિન ફજેરે આકા મૌલા કોન્ટ્રાકટર ફેમીલીના મુખ્તલિફ કારખાનાઓમાં આપના કદમ મુબારક લઈ ગયા, તેઓએ કારોબારમાં કઈ તરહ તરક્કી કીધી છે તેનો મુશાહેદો કીધો અને મુમેનીનની વેપાર-રોઝગારમાં દુગની-ચુગની તરક્કી થાય એમ દોઆએ ખૈર ફરમાવી. ✯

---

(પેજ નં. ૧૦ નું બાકી)

આપ મને જે એહકામ ખુદાતઆલાએ આપના પર ઉતારા છે તેની તાઅલીમ આપીએ. જેના બાદ હું આપની ઈતાઅત કરી શકું.

નબી સાહેબ અને હામના દરમિયાન જે વકત આ ગુફતગૂ ચાલતી હોય છે તે વકત મૌ. અલી (અ.સ.) ત્યાં બેસેલા હોય છે. આપ મૌ. અલીને ફરમાન કરે છે કે, જે હામની ઈલ્તેજા હોય તે મુજબ અય અલી! તમેં તેને શરીઅતના એહકામ શીખાવો. હામે અરઝ કીધી કે, અય નબી સાહેબ! મેં ફક્ત અંબિયાની ઈતાઅત કરૂં છું યા તેમના ઔસિયાની. તો, જે સાહેબ પાસે આપ મને તાઅલીમ વાસ્તે મોકલો છો, તે સાહેબ કોન છે? આપે ફરમાવું કે, "**અય હામ! આ સાહેબ અલી ઈબ્ને અબી તાલિબ છે. મારા ભાઈ, મારા વસી, મારા વઝીર અને મારા વારિસ છે.**" હામ ઘણો જ ખુશ થઈ ગયો અને બોલો કે, "હાઁ! આપ અલી છો. આપની ઝિક્ર મેં હર ઘડી કરૂં છું. આપ કિતાબોમાં "ઐલયા" થી માઅરૂફ છો. આપની આસ્માનોંમાં ખૂબ બોલબાલા છે." તે બાદ મૌ. અલી એ હામ બિન હીમને તાઅલીમ આપી અને એટલી ખિદમત બજા લાવો કે, આપના દૌરે ખિલાફતમાં શામના લઈનો સામે આપે જે જંગ લડી, તે જંગે સિફ્ફીનમાં ચાલીસમી રાતે લયલતુલ હરીરમાં, આ હામ આપની મદદ પર હતો અને આજે પણ ખિદમતે ઈમામુઝઝમાન (અ.સ.) માં હાઝિરો નાઝિર છે. ✯

**ફક્ત નસીહત કામ નહીં લાગે મગર સાથે ઈતાઅત જોઈશે.**

## રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના ખાસૂલ ખાસ
## મૌ. સલમાનુલ ફારસી (રિ.અ.) – કિસ્ત : ૩૨

### જૂઠ બોલવું અક્લમંદી છે

ખત્મુલ મુરસલીન, રહેમતુલ લિલ આલમીન, મોહંમદુલ મુસ્તફા (સ.અ.વ.વ.) ના કલામ કુરઆને કરીમના કલામ જેમ હક્ક છે, સાબિત છે અને ઈન્સાફથી પુર છે. જે ચીઝોની બયાની કુરઆનમાં મુખ્તસર આવી છે તેને આપ નબી સાહેબે પૂરી તફસીલ સાથે આપના કલામમાં ફરમાવી છે. ઈન્સાનના જિસ્મના આઅઝામાં ઝબાન એક કિરદારે મરકઝી અદા કરે છે. ઝબાનથી તેને ઈઝઝત પણ મિલે છે અને ઝિલ્લત પણ. ઝબાન, આફત પણ લાવે છે અને રાહત પણ. **"ઝબાઁ શીરીં મુલુક-ગીરી"**, યાઅની મીઠી ઝબાનથી મુલ્ક પણ જીતી શકાય છે અને તેના બરખિલાફ કડવી અને બરછત ઝબાનથી મુલ્કો જાગીર હાથ માંથી ચાલી પણ જાય છે.

ઝબાન જો સાફ, સીધી અને સાચી હોય તો લોગો યાદ કરે છે અને તે જ ઝબાન જો જૂઠી અને ફરેબી હોય તો લોગો ફરીયાદ કરે છે. રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) આપની હદીસે પાકમાં ફરમાવે છે કે, **"આફતુલ્લિસાનિલ કિઝબો"**, યાઅની ઝબાનની આફત જૂઠું બોલવામાં છે. અકસર કરીને ઈન્સાન આફતો બલામાં ફસાય છે તેનો સબબ બેલુગામ અને જંગલી ઘોડા જેવી ઝબાન હોય છે. આપ નબી સાહેબ આપના બીજા એક કલામમાં ફરમાવે છે કે, **"લવ કાનલ કલામો મિનલ ફિઝઝતે, લકાનસ સોકૂતો મિનઝ ઝહબે"**, યાઅની અગર ઝબાનથી કલામ કરવા મારા નઝદીક રૂપૂ-ચાંદી હોય તો મારા નઝદીક બહેતર ચુપ રહેવું છે, કેમકે, ચુપ રહેવું સોના જેવું છે. આ બેવે ચીઝોંમાં સોનું કીમતી અને પસંદીદહ છે, લેહાઝા આકિલ ઈન્સાનની ઝબાનની કીમત તે વક્ત જ થાય કે મૌકા સર મુખ્તસિર અને સાચું બોલે.

કુરઆને કરીમમાં ખુદાતઆલાએ જૂઠ-બનાવટ કરનાર કાઝેબીન પર લાઅનત બોલેલી છે. સૂરતુલ મુરસેલાતમાં **"વયલુંય યૌમએઝિલ લિલ મુકઝ્ઝેબીન"**, યાઅની હલાકી છે તે કેયામતના દિન તકઝીબ કરનાર અને હક્કનો ઈન્કાર કરનારની. આ સૂરતમાં આ આયત ૧૦ મરતબા આવેલી છે. જૂઠની બીજી માઅના સાહેબે હક્ક દાઈયુઝઝમાન (ત.ઉ.શ.) ના ઈરશાદાત અને ફરમાનોંને નઝરઅંદાઝ કરવા છે. દુનિયામાં જૂઠામાં જૂઠો શખ્સ તે છે કે, જે ખુદાના દાઈએ હક્કના કલામનો ઈન્કાર કરે, તેની તકઝીબ કરે. કેમકે, આ કલામ દાઈના નથી હોતા મગર તેનામાં ખુદા અને ખુદાના રસૂલના કલામ પિન્હા અને જોડાયેલા હોય છે.

હાલના વક્તમાં માહૌલ એવો છે કે, લોગો જૂઠું બોલવાને એક ફેશન સમઝે છે. મોબાઈલ ફોનના સબબ આ બદીમાં ઝિયાદગી થઈ છે. બોલે પાદરાથી અને કહે કે હું ડભોઈથી બોલું છું. પહોંચતા-પહોંચતા જો એક કલાક થાતો હોય તો કહે કે, બસ પાઁચ જ મિનિટમાં હું પહોંચું છું. આ મુજબના સુલૂક અને જવાબો નોર્મલ થઈ ગયા છે. લોગો હવે જૂઠ બોલવાને પોતાના વેપાર અને વહેવારનો હિસ્સો માને છે. જૂઠ બોલા બાદ સામેવાલાને જે વક્ત તે બેવકૂફ બનતા જોઈ છે તો પોતાના પર ફખર મહેસૂસ કરે છે અને કહે છે કે, **"જોયું! મેં કેવો તેને બનાવો."** મગર આમ કરવું જે વક્ત તેની આદત બને છે તોં એકવાર તે ખૂબ મોટા ખસારા અને નુકસાનમાં ફસાઈ જાય છે.

મુમેનીનને લાઈક છે કે, જાણે, ઈમાનની હકીકતોં શું છે? ઝબાનને કૈદ રાખવી તે ઈમાનની હકીકતો માંથી છે. તે મુમિન જ કેવો કે, વાત-વાતમાં જૂઠું બોલે. હકીકત કઈ હોય અને બયાની કઈ કરે. થયા અને કહ્યામાં ફરક કરે. આઁખ અને ઝબાનમાં ફરક કરે. મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ફરમાવે છે કે, તમેં હર પલ સચ્ચાઈને જૂઠ પર ઈખ્તિયાર કરો. **જેમ ચાઁદ સાથે ચાંદની હોય છે તેમ મુમિન સાથે સચ્ચાઈ હોવી જોઈએ.** જે વક્ત તમને એમ લાગે કે સચ્ચાઈ તમને નુકસાન કરશે અને જૂઠ તમને ફાયદો કરશે તો નુકસાન તમારા વાસ્તે બહેતર છે ફાયદા કરતા. સચ્ચાઈને પસંદ કરનાર લંબા વક્ત તક ફાયદો ઉઠાવે છે.

રસૂલુલ્લાહ બાવાજી, મૌ. સલમાનુલ ફારસીને ફરમાવે છે કે, કેયામતની નિશાનીઓ માંથી છે કે, જૂઠ બોલવું અક્લમંદી સમઝવામાં આવશે. આકિલ શખ્સોંની ઝબાન ચુપ કરી દેવામાં આવશે. સાચી ઝબાનને કાપવામાં અને જૂઠી ઝબાન પર વાહ! વાહ! કરવામાં આવશે. ✫

**ફક્ત વાંચવું કામ નહીં લાગે મગર સાથે હુશિયારી જોઈશે.**

## ઈફ્તેતાહ – મસ્જિદે હાતેમી
## ૧૮–૪–૧૪૩૮

છે આજે ઈફ્તેતાહ અલ્લાહના ઘરનું
આ ઘર છે ખાલિકે જિન્નો બશરનું
પધારા દાઈ આલે મુસ્તફાના
છે યે વારિસ ઊલૂમે મુરતઝાના
મકીં મસ્જિદના છે દાઈ યકીનન
છે દાઈ સી આ દીં કામિલ મોબીનન
તમે કરજો ખુદાનો હમ્દ હર પલ,
તમારી થાસે મુશ્કિલ શુક્ર સી હલ
ઈબાદત સી કરો મસ્જિદને આબાદ,
જહન્નમ સી કરો જાનોંને આઝાદ
છે કિબ્લા મુમેનીંના દાઈએ હક્ક
થઈ છે દાઈ સી મસ્જિદમાં રોનક
છે નાની કરબલા આ અહમદાબાદ,
કરીએ છે શહીદોં ને હમેં યાદ
આ મસ્જિદની હમે કરીએ હિફાઝત,
ખુદાના ઘરની ખિદમતમાં છે જન્નત
થયા છે આબિદોના દરજા આઅલા,
થયો આબિદ સી રાઝી હક્કતઆલા
નમાઝોને તમેં પઢજો વક્તમાં,
વરસસે નૂરો રહેમત હર જેહતમાં
છે કાઅબા મસ્જિદોમાં આઅલા બરતર,
છે દાઈ મુમિનોંના આઅલા અફસર
ફરિશ્તાનો છે સાયો આબિદો પર,
સલામોને પઢે છે આબિદો પર
જહાઁ તક આસમાં છે આ ઝમીં પર,
તું હમને રાખ ઈમાનો યકીં પર
આ મસ્જિદની જેયે તાઅમીર કીધી,
તેયે ફિરદૌસની જાગીર લીધી.
જહાઁ તક ગુલિસ્તાંમાં મહેકસે ફુલ,
ખુદા દાઈની તું કર ઉમ્ર ને તૂલ
આ દાઅવતના ઘણી હાતિમ ઝકી છે,
અલી સી નસ આ દાઈમાં મિલી છે
અલીના છે મોહિબ યાકૂતો મરજાઁ,
હશરમાં છે યે લોગોની અજબ શાઁ
અલીની તસ્બીહ આ અન્વર કરે છે,
તેના સી બૈતને પુરી કરે છે. ☆

(પેજ નં. ૮ નું બાકી)
રહેવાર પાસ આ ગયે કરને લગે નઝર,
અબ્બાસ ભાઈ ક્યા હુવા લેતે નહીં ખબર,
અકબર અલી જવાન મરે લાડલે પિસર,
હુર્રે જરી ભી સોતે હૈં બેખૌફો બેખતર,
ઝૈનબ રિકાબ થામને ખૈમે સે આ ગઈ,
બાનૂ પછાડે ખાને લગી થરથરા ગઈ.

હય હય કિસીને રહેમ ન ખાયા હુસૈન પર,
હર એક અદૂને હાથ ઉઠાયા હુસૈન પર,
નૈઝા લગાયા, તીર લગાયા હુસૈન પર,
ઝહરા કી રૂહ ને અશ્ક બહાયા હુસૈન પર,
રૂહે નબી કી આઈ સદા મેરા હે હુસૈન,
મેરા નવાસા લાડલા દિલ કા મેરા હે ચૈન.

શિમ્રે લઈંકે ઝુલ્મ સે શબ્બીર મર ગયે,
સજદે મેં હાઁ દોઆએં વો દે કર ગુઝર ગયે,
દરબારે કિબ્રીયા મેં વો હો કર અમર ગયે,
ફિર સારે શોહદાઓં કે નૈઝે પે સર ગયે,
અહલે હરમ કો નારીયોં ને ફિર સત ાદીયે,
લે કર રિદાએં ખૈમએ અત્હર જલા દીયે.

ઝૈનબ ને બાનૂ સે કહા પુરસા દીલાઉં મૈં,
નથ ભાભી મૈં ઉતારૂં ગલે સે લગાઉં મૈં,
રંડસાલા કૈસે ભાભી અય બાનૂ પિન્હાઉં મૈં,
અબ દર્દો ગમ કે ભાઈ કે નૌહે સુનાઉં મૈં,
માઁ ને દુલ્હન બનાયા થા વો ઘર હુવા તબાહ,
કોઈ દિલાસા દેતા નહીં વા મુસીબતાહ.

ઝાકિર અજબ યે દર્દ ભરી દાસ્તાન હે,
ગમખ્વારોં પર રસૂલે ખુદા મહેરબાન હે,
રોને રૂલાનેવાલોં કી ભી આઅલા શાન હે,
રિઝવાઁ કહેંગે ખુલ્દ મેં આઓ મકાન હે,
આઁસૂ તુમ્હારે તુમકો જઝા કો દિલાયેંગે,
કૌસર કા જામ મૌલા અલી ખુદ પિલાયેંગે.
(બકીયાહ પેજ નં. ૧૫ પર)

**ફક્ત મકાન કામ નહીં લાગે મગર સાથે સુકૂન જોઈશે.**

## મૌ. ફાતેમતુઝ્ઝહેરા (અ.સ.)

ફાતેમા કે દર સે નિસ્બત, કૂવતે અહલે યકીં,
ઉનકે શૌહર સે મવદ્દત, હાસિલે દુનિયા વ દીં,
ઉનકે બચ્ચોં સે મહબ્બત, ઝામિને ખુલ્દે બરીં,
હશ્ર કે દિન સાયએ દામાને ખુત્મુલ મુરસલીં,
દુશ્મને ઝહેરા કો મિલ જાયે નહીં હરગિઝ નહીં.

ઉનકે હૈં વાલિદ ઝુહૂરે ફૈઝે નૂરે અંબિયા,
ઉનકા શૌહર કૌન સુલતાને ગિરોહે ઔલિયા,
ઉનકે બચ્ચે કૌન જિનકે નાઝ ઉઠાતા હે ખુદા,
કહેના પડતા હે યહીં બાદે નબીયો મુરતાઝા,
ફાતેમા ઝહેરા જહાં પર હે વહાં કોઈ નહીં.

ફાતેમા ઝહેરા કા કિતના પૈશે ખાલિક હે વકાર,
સૂએ મહેશર ગૌર સે દેખો બ-ચશ્મે એતેબાર,
આસીયોં પર છા રહી હે રહેમતે પરવરદિગાર,
અશ્કે મુમિન ખુન્કીએ રૂમાલે ઝહેરા પર નિસાર,
સર્દ હોતે જા રહે હૈં શોઅલાહાએ આતિશી.

સેંકડો પડદો કા હાસિલ એક હિંજાબે ફાતેમા,
ચશ્મે મુમિન કે લીયે ભી હદ હે બાબે ફાતેમા,
એક કદમ આગે બઢો તો હે એતાબે ફાતેમા,
અલ્લાહ અલ્લાહ મઝહરે હિકમત ખિતાબે ફાતેમા,
ઈસ જગા ચશ્મે તસવ્વુર કી ભી ગુંજાઈશ નહીં.

મુઝકો અય શારિબે શરાબે ગમ કા પીના આ ગયા,
ઈસ તરહ ગુરબત મેં ખુદ્દારી સે જીના આ ગયા,
દૌલતે દુનિયા કે માથે પર પસીના આ ગયા,
સચ તો યે હે મુઝકો સજદો કા કરીના આ ગયા,
જબ સે બાબે ફાતેમા પર ઝુક કે ઉઠ્ઠી હે જબીં. ✫


## તિજારત

**યા અલી મદદ**

" વ્હોરા આલમમાં " ટોપી " નું રાજ, જાણે શોભે મસ્તકે તાજ "

**ભાઈસાહેબ ઈબ્રાહીમ**

**સરનામું :** વાડી બદરી મોહલ્લા નાકા, વડોદરા-૧૭.

**આવી રહેલા ઇબાદતના મહિનાઓની તૈયારી રૂપે અમારે ત્યાં મનપસંદ ડીઝાઇનોમાં દરેક પ્રકારની ટોપીઓ મળશે.**

**સમય : સાંજે ૫ થી ૮ / મો.: ૯૪૨૭૮૪૧૧૨૩**

**Unique Collection**
**(All Electronic & LED Products)**
LED T5 Tube Lights / T5 Tube Lights
LED Bulbs / LED Panel Lights
Light/Fan On/Off with Remote Control
Switches Accessories / CFL Lights
Emergency Lights / Emergency Solar Lights
Bluetooth Speakers / Water Fountain Speakers
Extension Boards and other electronic products
Contact :
**Umallawala Mohammadhusain**
Shop No.2, Sai Arpan Complex,
Next to Alpana Talkies, Pratapnagar Road,
Vadodara. **M.: 9998769628**


(પેજ નં. ૪ નું બાકી)

નાફરમાનીની નાપાકીથી પાક કરી દેશે. કુરઆને કરીમે બતાવેલી શરીઅત, રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની સુન્નત અને ઈમામુઝઝમાન (અ.સ.) ની મહબ્બત, આ ત્રણે ચીઝો બંદાના આઅમાલના ચોખ્ખા હિસાબનો બેનમૂન નુસ્ખો છે. બીજું તમામ કાલા હિસાબના કાવતરા છે. ✫

(પેજ નં. ૧૪ નું બાકી)

દાઈ ઝકીયુદ્દીન પે રબ કા રહે કરમ,
દીને નબી કે ઈલ્મ સે ઊંચા હુવા અલમ,
દાઈઝ્ઝમાઁ કે ચૂમ લેં હમ દોડ કર કદમ,
યે ફાતેમી દોઆત કી ક્યા શાન હો રકમ,
ઝાકિર સલામ પંજતને પાક પર મુદામ,
બહોત્તેર કરબલા કે શહીદોં પે પઢ સલામ. ✫

**ફકત તોહફો કામ નહીં લાગે મગર સાથે મોહબ્બત જોઈશે.**

## લહૂ દાઅવતુલ હક્ક – દાઅવત છે આ હક્કની

મુમિનના જાનો માલના માલિક છે આ દાઈ,
લહૂ દાઅવતુલ હક્ક
દાઈ સી જારી છે આ અલવી કૌમની કિશ્તી,
લહૂ દાઅવતુલ હક્ક

પુર હોઈ છે હિકમત સી હરએક હુકમ ને ફરમાન,
અય સાહેબે ઈમાન
દાઈના હર અમલ સી ખુદા હોઈ છે રાઝી,
લહૂ દાઅવતુલ હક્ક

રૂહાની બાવાજી ની જે કરસે કોઈ ખિદમત,
મિલસે તેને જન્નત
દરવાઝો છે જન્નતનો આ મૌલાની કદમબોસી,
લહૂ દાઅવતુલ હક્ક

મિદહત દોઆતે હક્કની છે હમ્દો સના ખુદાની,
સીડી છે આ દોઆની
દાઈ સી ખુદા મિલસે છે કુરઆન ની બયાની,
લહૂ દાઅવતુલ હક્ક

કરસે કોઈ દાઈની રઝા સી હરએક કામ,
થાસે તે ખુશ અન્જામ
મહફૂઝ ખુદા કરસે તેને શરની નઝર સી,
લહૂ દાઅવતુલ હક્ક

દાઈની મોહબ્બત સી થયા મુમેનીં આબાદ,
હર હાલમાં દિલશાદ
ઉકબા માં મુમેનીં છે ગમો રંજ સી બરી,
લહૂ દાઅવતુલ હક્ક

છે દાઈ ઈમામુઝઝમાં ના નાઈબે અત્હર,
છે નૂર ના પૈકર
છે તૈયેબી દાઅવતના આ દાઈયે હાતેમી,
લહૂ દાઅવતુલ હક્ક

ખિદમતમાં દોઆતોની છે હર લમ્હા ઈમ્તેહાન,
હારી ગયો શયતાન
ચમકા મુકદ્દર મુમીનોં ના ફતહો ઝફર સી,
લહૂ દાઅવતુલ હક્ક

બખશી દે ગુનાહોં ને તું છે ગાફેરૂઝઝોનૂબ,
અય સાતેરૂલ ઓયૂબ
દાઈ છે નેઅમુલ વાસતા મુમીનના હર ઘડી,
લહૂ દાઅવતુલ હક્ક

કાઈમ રહે તા હશ્ર મૌલાના ઝકી સરવર,
સાયો રહે સર પર,
અન્વરની આ દોઆને ખુદા સુન તું આખરી,
લહૂ દાઅવતુલ હક્ક. ✮

**અકીદા, અમલ, દોઆ, ફાઝિલ દિન-રાત, રસમ વગૈરા વાસ્તે મુમેનીન " અસ-સહીફતુત તૈયેબીયાહ " ને દેવડી પરથી હાસિલ કરીને ગૌરથી પઢે.**

**નોંધ : મિશ્કાતુલ-હાદી**ના માતહત શાયેઅ થયેલી મૌલાના અલી (અ.સ.) ના કસીદાઓની, સૈ.ફખરૂદ્દીન સાહબ (ક.રૂ.) ની બૈતોના મજમૂઆની તેમજ અહલુલબૈત (અ.સ.) ના નૌહાઓની અને મરસીયાઓની **CD** મુલ્લાં ઈબ્રાહીમભાઈ (વડોદરામાં) અને મુલ્લાં સિરાજભાઈ (મુંબઈમાં) થી કારેઈન હાસિલ કરી શકે છે. આ ભાઈઓના ફોન નંબર નીચે આપેલા છે.

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**
**₹ ૧00/- (પોસ્ટેજ સાથે)**
મેનેજર :- **મુલ્લાં ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.
મુંબઈમાં લવાઝમ લેનાર :- **મુલ્લાં સિરાજઅલી અત્તારવાલા**
(નફીસ, મુંબઈ) ફોન : ૯૯૩૦૩૨૧૪૪૦. ★